**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૩.૫ ડીગ્રી
લઘુતમ : ૨૬.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૯ ટકા ● સાંજે ૮૦ ટકા

## આજે ગાંધીનગરમાં

### ધાર્મિક

● સાર્વજનિક ગણેશ મહોત્સવ સે-૨૨ રંગમંચ ખાતે રાત્રે ૮ કલાકે આરતી અને ૮.૩૦ કલાકે માવાભાઈ આહીરનો ડાયરો યોજાશે.

● સે-૩-ડી યુવક મંડળ દ્વારા ગણેશોત્સવ નિમિત્તે રાત્રે ૮ કલાકે આરતી તથા વિજય સુંવાળાની ગરબાની રમઝટ યોજાશે.

● સાર્વજનિક ગણેશ મહોત્સવ નિમિત્તે સે-૨-સી દ્વારા રાત્રે ૯ કલાકે આરતી ત્યારબાદ રમેશભાઈ પ્રજાપતિ તથા સાથીદારોના રાસ ગરબાની રમઝટ યોજાશે.

●વિનાયક યુવક મંડળ સે-૫-બી દ્વારા રાત્રે ૮ કલાકે આરતી સુશોભન સ્પર્ધા, ૮.૩૦ કલાકે સમૂહ આરતી તથા રાત્રે ૧૦ કલાકે ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાશે.

## કુડાસણમાં નિઃશુલ્ક એક્યુપ્રેશર સર્વરોગ નિદાન કેમ્પ યોજાશે

વાઘેશ્વરી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા તા. ૭ સપ્ટેમ્બરના રોજ વિના મુલ્યે એક્યુપ્રેશર સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જે સવારે ૧૦ થી ૧૨.૩૦ તથા સાંજે ૪ થી ૭ કલાક દરમિયાન હરિગોલ્ડ એપાર્ટમેન્ટ દુ.નં. ૧૨૧ ખાતે યોજાનાર છે. જેમાં મણકા, કમર દર્દ, સાંધા, ગરદન, માથુ, હાથ પગનો દુખાવો, વા, નસ તેમજ માનસિક બિમારી સહિત અન્ય રોગો માટે સુજાગ થેરાપી, એક્યુપંચર, મેગ્નેટ થેરાપીનો ઉપયોગ કરીને નિદાન કરાશે. સંસ્થા દ્વારા નગરજનોને કેમ્પનો લાભ લેવા જણાવાયું છે.

### ચિરવિદાય

- સ્વ. વાઘેલા કાળુસિંહ રણજીતસિંહ, ઉ.વ. ૩૨
- સ્વ. ભાવસાર ભાવીન હસમુખલાલ, ઉ.વ. ૩૩
- સ્વ. રાઠોડ સુરીબેન સકરાભાઈ, ઉ.વ. ૭૫
- સ્વ. રતનામસિંઘ જીવતસિંઘ શીખ, ઉ.વ. ૪૯
- સ્વ. મહેતા દેવેન્દ્રભાઈ પોપટભાઈ, ઉ.વ. ૫૦
- સ્વ. સોમપુરા અન્નપૂર્ણા વાસુદેવ, ઉ.વ. ૮૬
- સ્વ. પરમાર કુશકીબેન વિહાજી, ઉ.વ. ૭૦

# શહેરના રાજમાર્ગો પર સેવા કેન્દ્રોનો ધમધમાટ













(સંકલન : મોનિકા ઠક્કર)

ગાંધીનગર, તા.૬

સ્વચ્છ અને સુંદર ગાંધીનગર કર્મચારી નગર, સર્કલોની નગરી, શાંત અને હરિયાળા શહેર તરીકેની ઓળખ ધરાવે છે. પરંતુ હવે અંબાજીના દર્શનાર્થે જતા યાત્રિકો માટે શહેર સેવા કેન્દ્રો માટે પણ જાણીતું બન્યું છે. શહેરના સર્કલો પાસે અંબાજી પદયાત્રાએ જતા ભાવિકો માટે વિવિધ સંસ્થા દ્વારા તથા સ્વેચ્છાએ મિત્રો દ્વારા વિવિધ સેવાઓ સેવા કેન્દ્ર દ્વારા અપાઈ રહી છે. જેમાં ગરમ પાણી, પીવાનું પાણી, ચા-નાસ્તો, બપોર અને સાંજનું જમવાનું, મોબાઈલ ચાર્જીંગ પોઈન્ટની વ્યવસ્થા સાથે રાત્રિ રોકાણ તથા મેડીકલ સેવા ઉપલબ્ધ છે.

શહેરના ચ-૦ સર્કલ પાસે પંચદેવ યુવક મંડળનું સેવા કેન્દ્ર છે. જે છેલ્લા ૨૩ વર્ષથી કાર્યરત છે. જયાં ચા-નાસ્તો, કોફી, દવા સાથે રાત્રિ રોકાણની વ્યવસ્થા કરવામાં આવી છે. સેવા કેન્દ્ર તા. ૧થી ૭ સપ્ટેમ્બર સુધી કાર્યરત રહેશે. સેવા કેન્દ્રની શરૂઆત ૨૩ વર્ષ પહેલા ચાર મિત્રો દ્વારા ઘરના લીંબુ શરબત, પાણી અને ચા સાથે થઈ હતી અને આજે ૨૩ વર્ષ બાદ યુવક મંડળના ભાઈઓના બાળકો એટલે કે દાદા, પુત્ર તથા પૌત્ર સેવા કરી રહ્યા છે. તથા એક દિવસ યુવકોના ઘરના બહેનો દ્વારા સંપૂર્ણ સેવા કરવામાં આવે છે.

શહેરના સે-૨૮ ગાર્ડન પાછળના ભાગમાં જય અંબે મિત્ર મંડળ દ્વારા પાછલા દસેક વર્ષથી સેવા કેન્દ્ર કાર્યરત છે. જયાં ચા-પાપડી અને ઈડલીની સેવા અપાઈ રહી છે. સેવા કેન્દ્ર તા. ૫ થી ૭ સપ્ટેમ્બર સુધી કાર્યરત રહેશે. શહેરના જીતુભાઈ વાઘેલા તથા મિત્રોએ ભેગા થઈ યાત્રિકોને ચાલતા જતા જોઈ પ્રેરણા મેળવી સેવા કેન્દ્ર શરુ કર્યુ છે.

ચ-૬ પાસે તા. ૪ સપ્ટેમ્બરથી નોમ સુધી જય સોમનાથ ગ્રુપ સે-૩૦ દ્વારા છેલ્લા ચાર વર્ષથી સેવા કેન્દ્ર કાર્યરત છે. જેમાં સવારે ગરમ ચા નાસ્તો, જયુસ, ફ્રુટ, સાંજે જમવાનું, દવાખાનું તથા પાણીની બોટલ સાથે રાત્રિ રોકાણની વ્યવસ્થા રાખવામાં આવી છે.

**લગભગ ૨૪૦૦થી ૨૫૦૦ રથ અંબાજી યાત્રા દરમિયાન શહેરમાંથી પસાર થાય છે અને એક રથ સાથે આશરે ૧૫૦થી ૨૦૦ પદયાત્રીઓ પસાર થાય છે.**

જિલ્લા પંચાયત પાસે બાપા સીતારામ સેવા કેન્દ્રનું આ ૨૩મું વર્ષ છે. જયાં ઘનશ્યામભાઈ અને તેમના મિત્રો દ્વારા ૨૪ કલાક ખીચડી કઢીની સેવા સાથે કેળા, સફરજન, બિસ્કીટ, ચા-પાણીની સેવાનો લાભ પદયાત્રીઓ લઈ રહ્યા છે. સેવા કેન્દ્ર તા. ૧ થી ૧૦મી સપ્ટેમ્બર સુધી કાર્યરત રહેશે.

ઈન્દ્રોડા ગામના નવ યુવક મંડળ સાથે દિનેશભાઈ ઠાકોર તથા પરિવાર દ્વારા ચ-૩ સર્કલ પાસે વર્ષ ૧૯૯૩થી સેવાકેન્દ્ર કાર્યરત છે. જયાં ન્હાવા માટે ગરમ, ઠંડુ પાણી સાથે ચા-નાસ્તો, જમવાનું તથા આરામની વ્યવસ્થા કરવામાં આવી છે. દિનેશભાઈ ૨૧ વર્ષ અંબાજી પગપાળા ગયા અને રસ્તામાં પદયાત્રીને પડતી તકલીફ જોઈ તેમને સેવા કેન્દ્ર ઉભું કરવાની પ્રેરણા મળી.

છેલ્લા ૧૨ વર્ષથી લાયન્સ, લાયોનેસ તથા લિઓ કલબ ઓફ ગાંધીનગર દ્વારા મેડીકલ કેમ્પની સેવા અપાઈ રહી છે. સાથે ઋષિવંશી સમાજ સેવા સંઘ દ્વારા સે-૬/૭ની ચોકડી પાસે છેલ્લા ૧૨ વર્ષથી ચા પાણી તથા નાસ્તાની સેવા રાખવામાં આવી છે.

સે-૨-બી જય અંબે યુવક મંડળ દ્વારા ચ-૧/૨ ચોકડી પાસે તા. ૩થી ૮ સપ્ટેમ્બર સુધી સેવા કેન્દ્રમાં ચા, નાસ્તો, છાશ સાંજે ખીચડી આપવામાં આવશે. છેલ્લા ૭ વર્ષથી સેવા કેન્દ્ર કાર્યરત છે. આ ઉપરાંત ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા ચ-૩ સર્કલ પાસે સેવા કેન્દ્ર કાર્યરત છે જયાં પદયાત્રીઓને આરામની વ્યવસ્થા સાથે ફોન ચાર્જીંગ પોઈન્ટની વ્યવસ્થા પણ કરવામાં આવી છે.

## મુવી હાઉસ

### આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧

● છીછોરે
૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૫, ૭.૪૦, ૧૦.૪૫

● ઈટ ચેપ્ટુર દુ
(હિન્દી) ૯.૦૦, ૧૨.૩૦, ૩.૧૫, ૬.૫૫, ૧૦.૧૫

● સાહો
૯.૦૫, ૧૧.૪૫, ૩.૧૫, ૫.૪૫, ૬.૪૫, ૯.૧૫, ૧૦.૧૫

● મિશન મંગલ
૯.૧૦, ૩.૦૦, ૧૦.૩૦

● બાટલા હાઉસ
૧૨.૨૫

● ચિલ ઝડપ (ગુજરાતી)
૧૨.૨૫

### આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૧૬

● છીછોરે
૯.૨૦, ૧૦.૧૫, ૧.૧૫, ૩.૩૦, ૪.૨૦, ૭.૨૫, ૯.૩૦, ૧૦.૩૦

● ઈટ ચેપ્ટુર દુ
(અંગ્રેજી) ૧૨.૩૫, ૬.૪૫
(હિન્દી) ૯.૦૦, ૩.૧૫, ૧૦.૧૫

● સાહો
૯.૧૦, ૧૨.૦૦, ૩.૨૫, ૬.૫૦, ૯.૧૫, ૧૦.૧૫

● મિશન મંગલ
૯.૧૫, ૧૨.૧૫, ૬.૩૦

● ચિલ ઝડપ (ગુજરાતી)
૪.૦૦

### પી.વી.આર, સિનેમેક્સ, સે-૧૧

● છીછોરે
૨-ડી (હિન્દી) ૯.૦૦, ૧૦.૩૦, ૧.૩૫, ૩.૧૦, ૪.૪૦, ૭.૪૫, ૯.૨૦, ૧૦.૫૦

● ઈટ ચેપ્ટર દુ
૨-ડી (હિન્દી) ૮.૪૫, ૧૨.૧૫, ૩.૪૫, ૧૦.૪૫
૨-ડી (અંગ્રેજી) ૭.૧૫

● સાહો
૧૧.૩૦, ૩.૦૫, ૬.૪૦, ૧૦.૧૫

● મિશન મંગલ
૧૨.૦૫

● ચિલ ઝડપ (ગુજરાતી)
૬.૧૫

## વિધાનસભા સચિવાલય પેન્શનર્સ સમાજનો સન્માન કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૬

ગુજરાત વિધાનસભા સચિવાલય પેન્શનર સમાજના સભ્યોના વિદ્યાર્થીઓનો શૈક્ષણિક ઈનામોત્સવ તથા ૬૫-૭૫-૮૦ વર્ષ પૂર્ણ કર્યા હોય તથા જે દંપતિએ ૫૦ વર્ષનું દાંપત્યજીવન પૂર્ણ કર્યું હોય તેઓનો સન્માન કાર્યક્રમ યોજાયો હતો.

આ કાર્યક્રમમાં ૭૫ વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. ૫ વયસ્ક સભ્યોનું ઉંમર પૂર્ણ કરવા બદલ શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું તથા એક દંપતીનું લગ્નજીવનના ૫૦ વર્ષ પૂર્ણ કરવા બદલ સન્માન કરવામાં આવ્યું હતું તેમ માનદમંત્રી બી.ડી. શાહે જણાવેલ છે.

## ઈજનેરી-તબીબી સ્નાતકોનું સિસિકા દ્વારા અભિવાદન યોજાશે

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર તથા ગાંધીનગર શહેરમાં સમાવેશ કરવામાં આવ્યો હોય તેવા ગામોમાં વસવાટ કરતા વિદ્યાર્થીઓ કે જેમણે બીઈ ઈલેકટ્રીકલ, સીવીલ, મિકેનીકલ પરીક્ષા પ્રથમ પ્રયત્ને વર્ષ ૨૦૧૯માં પાસ કરેલ હોય તેજ રીતે તબીબી સ્નાતકનું પણ અભિવાદન કરવામાં આવશે. જરુરી બાયોડેટા તા. ૩૦મી સપ્ટેમ્બર સુધી સિસિકાના કાર્યાલય નમન એપાર્ટમેન્ટ સે-૨૧માં જમા કરાવવા જણાવવામાં આવે છે. મંગળ-ગુરુ-શનિવારના સાંજે ૬ થી ૭ કલાક દરમિયાન કાર્યાલયમાં સ્વીકારવામાં આવશે તેમ મંત્રી બી.ડી. શાહે જણાવેલ છે.

# સાર્વજનિક ગણેશોત્સવમાં લોકનૃત્યોત્સવ





ગાંધીનગર, તા.૬

સાર્વજનિક મહોત્સવના ચોથા દિવસે ગાંધીનગરની કલા સંસ્થાઓ દ્વારા 'લોકનૃત્યોત્સવ' યોજવામાં આવ્યો હતો. જેમાં ગાંધીનગરની સુપ્રસિધ્ધ સંસ્થાઓ પ્રણાલી ગાંધી-નટરાજ ગ્રુપ દ્વારા ગણેશ વંદના, ભાવિનભાઈ પટેલ-પનઘટ ગ્રુપ દ્વારા ગરબો, મયંકભાઈ દવે-સુરમધુર ગ્રુપ દ્વારા કહેરવાનો વેશ, મેગી ડાન્સ ગ્રુપ દ્વારા રાજસ્થાની કાલબેલિયા નૃત્ય અને ઉરી એકટ, ધર્મેશભાઈ રાણા-રમઝટ ગ્રુપ દ્વારા રાસ, નીતિન દવે-વેણુ ભારતી ગ્રુપ તેમજ પ્રજ્ઞા ગજ્જર-પૂજન ડાન્સ દ્વારા લાવણી, મિત્તલ શર્મા-સુન્દરમ ગ્રુપ દ્વારા મણિયારો રાસ, પ્રકાશ પરમાર-શૌર્ય ગ્રુપ દ્વારા મેર રાસ, ભાવેશભાઈ દ્વારા બોરીજ પ્રાથમિક શાળાની બાળકીઓનો ગરબો તેમજ વ્યોમા ભટ્ટ અને મીતી ભટ્ટ-નૃત્યમ એકેડેમી દ્વારા ભરતનાટયમ ફયુઝન રજુ કરવામાં આવ્યું હતું.

સર્વે સંસ્થા દ્વારા તેમની રાષ્ટ્રીય ફલક પર રજુ થયેલ ઉત્કૃષ્ઠ કૃતિઓ રજુ કરવામાં આવી હતી. ઉપસ્થિત મહેમાનશ્રીઓએ ગાંધીનગરની વિવિધ કલાસંસ્થાઓ તેમજ બાળકોને પ્લેટફોર્મ આપીને તેમનામાં રહેલી સુષુપ્ત શકિતઓને બહાર કાઢવાના પ્રયાસને બિરદાવ્યો હતો.

આ કાર્યક્રમ નિહાળવા રાજપૂત સમાજના પ્રમુખ એલ.કે. વાઘેલા, ગુજરાત માહિતી વિભાગના નાયબ કમિશનર હિરેનભાઈ ભટ્ટ, પરમ ક્રીએશનના કર્ણભાઈ ભટ્ટ, દિયોદર સ્ટેટના પ્રવિણસિંહ વાઘેલા, દિયોદર તાલુકા પંચાયતના અધ્યક્ષા વાઘેલા, રાજપૂત સમાજના ભીખુસિંહ ચાવડા, હિતેન્દ્રસિંહ રાઓલ, ૨૬-બ્રહ્મસમાજના હોદેદારશ્રીઓ તથા અન્ય વ્હેપારી અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. વર્ષાબેન પારેખ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવામાં મિતુલ જોષી, વૈભવ જાની, રાકેશ જાની, મુકેશ મારુ, અશ્વિન સુહાન અને યુવરાજસિંહ રાણાનું મુખ્ય યોગદાન રહ્યું હતું. અધ્યક્ષ નિશિત વ્યાસે ધર્મ અને સંસ્કૃતિ પ્રેમી જનતાને તથા સમિતિના સર્વે હોદેદારશ્રીઓનો કાર્યક્રમ સફળ બનાવવા બદલ આભાર માન્યો હતો.

## આહીર યુવા ફોરમ, ગાંધીનગર દ્વારા આહીર સમાજના તેજસ્વી તારલાઓનો સન્માન સમારંભ રવિવારે યોજાશે

ગાંધીનગર, તા.૬

આહીર યુવા ફોરમ, ગાંધીનગર દ્વારા ગાંધીનગર આહીર સમાજનો ૨૧ મો વિદ્યાર્થી સન્માન સમારંભ તથા સાંસ્કૃતિક કાર્યક્રમ તા.૮/૯/૨૦૧૯, રવિવારના રોજ ટાઉન હોલ ખાતે બપોરે ૨.૩૦ કલાકે યોજાનાર છે.

આ કાર્યક્રમમાં ધોરણ (૧) થી (૧૨) તથા કોલેજ/યુનિવર્સિટી લેવલે ડીગ્રી પ્રાપ્ત કરેલ આહીર સમાજના ૪૪ તેજસ્વી તારલાઓનું શિલ્ડ-પારીતોષિક આપીને સન્માન કરવામાં આવશે. આ સાથે નાના બાળકોની પ્રતિભાને ઉજાગર કરવા માટે સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન પણ કરવામાં આવેલ છે. આ ઉપરાંત ગાંધીનગરમાં નવી નિમણુંક તેમજ પ્રમોશન થયેલા આહીર સમાજના જુદા જુદા ૨૮ કર્મચારી/અધિકારીઓનું સન્માન તેમજ નિવૃત થયેલા ૪ અધિકારીઓનું શાલ ઓઢાડીને બહુમાન કરવામાં આવશે. કાર્યક્રમ પૂર્ણ થયે સાંજના સમયે ભોજન સમારંભ પણ રાખવામાં આવેલ છે.

## ભાટ ટોલટેક્ષ પાસે સાબરમતી નદીમાં ગણેશ વિસર્જનમાં બે યુવકો ડુબ્યા

ગાંધીનગર, તા.૬

દુંદાળા દેવની પાંચ દિવસ સુધી પૂજા અર્ચના કર્યા બાદ ભારે હૈયે ભકતો તેમને વિસર્જન માટે સાબરમતી નદીના કિનારે આવ્યા હતા. ભકતો ઢોલ, નગારા અને ડીજેના તાલે વિસર્જન સ્થળે ઉમટી પડ્યા હતા. ભકિતભાવના અનોખા માહોલ વચ્ચે અચાનક માતમમાં ફેરવાયો હતો. ભાટ ટોલટેક્ષ નજીક સાબરમતી નદીમાં શુક્રવારના રોજ સાંજે ગણેશ વિસર્જન માટે હજ્જારો ભાવિ ભકતો ઉમટી પડયા હતા. સાબરમતિ નદીમાં પાણી હોવાથી અમદાવાદના વિવિધ વિસ્તારોમાંથી ગણેશ વિસર્જન માટે ભકતો આવી પહોચ્યા હતા.ત્યારે અમદાવાદ ઓઢવ વિસ્તારના યુવક મંડળ પણ ગણપતિ વિસર્જન માટે આવ્યા હતા. જેમાં કેટલાક યુવાનો ગણપતિ વિસર્જન માટે નદીના



પાણીમાં ઉતર્યા હતા. એક ભાઈનો પગ લપસતા બીજો ભાઈ બચાવવા માટે પડતા તે પણ ડુબવા લાગ્યા હતો. તેમાથી બે યુવકો ઉંડા પાણીમાં ગરકાવ થતા હોહા મચી જવા પામી હતી.

બંન્ને યુવકોને બચાવવા માટે પણ બીજા તરવૈયાઓ પ્રયાસ કર્યો હતો. પરંતુ ઉંડા પાણીમાં ગણતરીની મીનીટોમાં બંન્ને યુવકો ડુબી ગયા હતા. જેમાંથી ગાંધીનગર ફાયર બિગ્રેડની ટીમે એક યુવકનો મૃતદેહને બહાર નીકાળ્યો હતો. જયારે બીજા યુવકને બહાર કાઢીને સારવાર માટે મોકલી આપ્યો હતો. મળતી માહિતી મુજબ બંન્ને યુવકો ઓઢવ વિસ્તારના હોવાનું જાણવા મળ્યું છે. બે સગાભાઈઓનો મોતને પગલે પરિવાર પર આભ તુટી પડ્યું હતું. જયારે ઓઢવ વિસ્તારમાં મિત્ર વર્તુળમાં વાતની જાણ વાયુવેગે થતા સમગ્ર વિસ્તારમાં શોકનું મોજુ ફરી વળ્યું હતું.

## આઈએનઆઈએફડી ખાતે ટીચર્સ ડે ની ઉજવણી કરાઈ



ગાંધીનગર, તા.૬

ભારતના બીજા રાષ્ટ્રપતિ, સર્વપલ્લી રાધાકૃષ્ણનની જન્મ તારીખ, ૫ સપ્ટેમ્બર ૧૮૮૮ ને ૧૯૬૨ થી શિક્ષક દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસ વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટે ખૂબ મહત્વ ધરાવે છે. આ દિવસનો મુખ્ય ઉદ્દેશ્ય શિક્ષકોની નિર્ણાયક ભૂમિકાને યાદ કરવાનો છે. આઈએનઆઈએફડી ગાંધીનગરના વિદ્યાર્થીઓ દ્વારા શિક્ષક દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

ઈન્સ્ટિટ્યૂટના ૨૫૦થી વધારે વિદ્યાર્થીઓ દ્વારા પોતાના શિક્ષકોને જુદી જુદી ગિફ્ટ્સ આપી હતી અને તેમની સાથે કેક કટિંગ પણ કર્યું હતું ત્યારબાદ વિદ્યાર્થીઓએ શિક્ષકો માટે થેંક્યુ મેસેજ સાથે પોસ્ટર બનાવ્યા અને ફૂલો સાથે તેમનું સ્વાગત કર્યું હતું. ત્યારબાદ કેટલાક વિદ્યાર્થીઓ શિક્ષક બન્યા હતા અને ડિઝાઈન અને આર્કિટેક્ચરના કલાસ લીધા હતા.